

શ્રી વિષ્ણુ અને શ્રી શિવની એકાત્મતા યુતિ

કારતક સુદ ચતુર્દશી 'વૈકુંઠ ચતુર્દશી' નામે અને કારતક પૂનમ 'ત્રિપુરારી પૂર્ણિમા' નામે અતિ પાવન અને પવિત્ર તહેવારો છે. વૈષ્ણવ અને શૈવપંથ એમ બે અલગ-અલગ પંથનું નિર્માણ થયું હતું અને વિષ્ણુ તથા શિવ ભગવાનને વહેંચી લેવામાં આવ્યા હતા. વૈષ્ણવો ઊભું તિલક કરે અને શૈવપંથીઓ આડું ત્રિપુંડ કરે. આ બંને પંથોમાં વૈચારિક મતભેદો પણ નિર્માણ થયા. પંથ ભલે બે હોય, પણ ભગવાન તો એક જ હોવા જોઈએ. અજ્ઞાનતાને કારણે દેવોનું વિભાજન થવાથી શાસ્ત્રસંમત વિદ્વાનો ચિંતિત થયા. વૈષ્ણવ તથા શૈવપંથીઓને યોગ્ય માર્ગે દોરવા માટે વૈકુંઠ ચતુર્દશી અને ત્રિપુરોત્સવ એમ બે વ્રતની પૂજાવિધિ શરૂ કરીને બંને પંથના લોકોને શિવ અને વિષ્ણુની એકાત્મતાનો પરિચય કરાવ્યો. વિષ્ણુ-શિવાત્મક એકરૂપતા દર્શાવવા માટે વૈકુંઠ ચતુર્દશી વ્રત અને પૂજનનું મહત્ત્વ સમજાવ્યું.

વૈકુંઠ ચતુર્દશીના દિવસે પ્રાતઃસ્નાન કરીને ભસ્મ અને ગોપીચંદન કપાળે ધારણ કરીને સંકલ્પ બોલવો. 'અસ્માકં સકુટુમ્બાનાં ક્ષેમ-સ્થૈર્ય, દીર્ઘાયુ, આરોગ્ય, ધર્મપ્રીતિ, શિવભક્તિ સિદ્ધ્યર્થં વૈકુંઠ ચતુર્દશી વ્રત કલ્પ્યોક્ત ફલાવાપ્તયે નિશીથે વિષ્ણુપૂજનં તથા સ્વદિને પ્રાતઃકાલે શિવપૂજનં ચ કરિષ્યે॥' (ગુજરાતીમાં પણ વ્રતસંકલ્પ બોલી શકાય. 'મને અને મારા કુટુંબીજનોને ક્ષેમ-સ્થૈર્ય, દીર્ઘાયુ અને નીરોગી જીવન પ્રાપ્ત થાય તથા ધર્મપ્રીતિ, શિવ અને વિષ્ણુભક્તિ સિદ્ધ થાય તે માટે વૈકુંઠ ચતુર્દશી વ્રતના નિયમોનું પાલન કરીને વ્રત પૂર્ણ કરું છું તથા રાત્રે વિષ્ણુપૂજન અને તે દિવસે પ્રાતઃકાળે શિવપૂજન કરું છું.')

વૈકુંઠ ચતુર્દશીના દિવસે ઉપવાસ રાખવો. પોતાની દિનચર્યાનાં કાર્યો કરવાં અને 'શ્રી વિષ્ણવે નમઃ' તથા 'શ્રી મહાદેવાય નમઃ' મંત્રનું રટણ ચાલુ રાખવું. તે રાત્રિના પ્રથમ પ્રહરે એટલે કે સાયંકાળે શ્રી વિષ્ણુ ભગવાનનું યથોચિત પૂજન કરવું. પંચોપચાર કે ષોડશોપચાર પૂજાવિધિમાં શ્રી વિષ્ણુ ભગવાનને સહસ્ર અક્ષત એટલે કે ચોખાના દાણા તથા એક હજાર તુલસીપત્ર અર્પણ કરવાં. વિષ્ણુ સ્મરણાર્થે 'શ્રી વિષ્ણવે નમઃ' નામમંત્રનો જપ કરવો. (સત્સંગ, પત્રિકા, જાગરણ, ભજન-કીર્તન દ્વારા) શુદ્ધ જળથી સંપૂર્ણ સ્નાન કરવું અને શિવપૂજનની તૈયારી કરવી. પંચોપચાર કે ષોડશોપચાર વિધિથી પૂજા કરીને શિવલિંગ પર અધિકાધિક અગિયારથી માંડીને 108 અથવા 1000 ત્રિપત્રવાળાં બિલ્વપત્ર 'નમઃ શિવાય' પંચાક્ષર મંત્ર સાથે અર્પણ કરવાં તથા શ્રી વિષ્ણુપૂજનમાં અર્પણ કરેલાં તુલસીપત્રોમાંથી અગિયાર તુલસીદળ શ્રી શિવજીને અર્પણ કરવાં. શિવરાત્રિ અને વૈકુંઠ ચતુર્દશી આ બે દિવસે જ શિવલિંગ પર વિષ્ણુને અર્પણ કરેલાં તુલસીદળ ચઢાવવામાં આવે છે. કારતક સુદ પૂનમ એટલે ત્રિપુરારી પૂનમ, જેને દેવ દિવાળી અને દીપોત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એવા સત્ત્વ, રજ અને તમોગુણયુક્ત ત્રિગુણાત્મક શિવશંકરે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ત્રિવિધ બાધાનો નાશ કર્યો તેની રસપ્રદ કથા ત્રિપુરાસુરવધ અધ્યાયમાં આવે છે. પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ એમ ત્રણેય લોકમાં ત્રિપુરાસુર રાક્ષસે ભયંકર આતંક અને શોષણ શરૂ કર્યું હતું.

કારતક પૂનમે બ્રહ્માંડમાં દીપોત્સવ ઉજવાય છે. આ પૂનમે સવારે શિવપૂજન પછી ત્રિપુરોત્સવનો સંકલ્પ શાસ્ત્રાધારે કરવામાં આવે છે

શ્રી વિષ્ણુ ભગવાને ત્રિપુરાસુરના આતંકનું વર્ણન સાંભળ્યા પછી શિવજીએ ત્રિપુરાસુરનો વધ કર્યો અને કુંઠિત સ્થાનોનો ઉદય થયો. આ વિશિષ્ટ સ્મરણરૂપે કારતક પૂનમે બ્રહ્માંડમાં દીપોત્સવ ઉજવાય છે. આ પૂનમે સવારે શિવપૂજન પછી ત્રિપુરોત્સવનો સંકલ્પ શાસ્ત્રાધારે કરવામાં આવે છે. 'અસ્માકે સકુટુમ્બાનાં સમસ્ત આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક ત્રિવિધદોષ પરિહારપૂર્વક સમૂળ અજ્ઞાન નિવૃત્તિદ્વારા શિવસાહુજ્યરૂપ-પરમજ્ઞાન પ્રાપ્યર્થે શ્રી ઉમામહેશ્વર પ્રીત્યર્થ નિશીથકાલે દીપપ્રજ્વલનપૂર્વક ત્રિપુરોત્સવં કરિષ્યે. 'ગૌરીશ્રી મહાદેવ મહામલ મુરેશ્વર! હિમાચલ નિવાસીસિ ત્વં ગુહાગાનાર્ય મહેશ્વર!!' આ પ્રાર્થના કરીને શિવજીને જલાધાર અર્પણ કરવું. 'દીપજ્યોતિ નમસ્તુતે.'

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

શિવ ચરિત્ર



ત્રો, આપણે વર્ણ આધારિત 'સદા ચરણ તત્પરઃ' નો અર્થ જોયો. હવે ૪ આશ્રમને આધારે 'સદા ચરણ તત્પરઃ' ને જોઈએ. આ ૪ આશ્રમ ક્યા ? (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યાસ આશ્રમ. (૧) બ્રહ્મચર્યાશ્રમ- સદાચરણ બ્રહ્મચર્યનો પાયો છે. બ્રહ્મચારી સદાચારી ન હોય તો બ્રહ્મચારી ન કહેવાય. બ્રહ્મચારી અને કુંવારામાં તફાવત છે. ગુરુસેવા, સંધ્યોપાસના, વિદ્યા અધ્યયન આ બ્રહ્મચારીના ધર્મ-કર્તવ્યને શ્રીમદ્ ભાગવતમાં વિસ્તારથી સમજાવ્યું છે. (૨) ગૃહસ્થાશ્રમ- ગૃહસ્થે પર્યાપ્ત માત્રામાં ભોગ સંપન્ન કરે એ આવશ્યક છે. જ્યારે બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ કરી ગૃહસ્થ જીવન માટે જાય છે ત્યારે ગુરુ આદેશ અને ઉપદેશ આપે. અર્થ અને કામ સંબંધી આ ૨ આદેશ આપે. અર્થોપાર્જન કરવાનું પણ ધર્મપૂર્વક- ગૃહસ્થ છો માટે પર્યાપ્ત કમાવું આવશ્યક છે. ગોરાકુંભાર, નરસિંહ મહેતા, કબીર, તુકારામ આ બધા જ ગૃહસ્થ હતા. ભગવાન ને કહેવાનું કે- 'સાંઈ ઈતના દીજિયે જામે કુટુંબ સમાય । મૈં ભી ભૂખા ન રહું સાધુ ન ભૂખા જાયા' ગૃહસ્થે સ્વયં પણ ભોગવવાનું અને અન્યને આપવાનું પણ છે.

(૩) વાનપ્રસ્થી :- પત્ની સાથે રહેવા છતાં અનાસક્ત અને નિર્લેપ ભાવથી સંસારમાં રહેવાનું છે. પાણીમાં કમળ રહેવા છતાં જેમ અલિપ્ત રહે તેમ રહી હંમેશા સદાચરણમાં તત્પર રહેવું. હવે અતિ પ્રવૃત્તિથી નિવૃત્તિ તરફ જવાની વાત છે. 'રામચરિત માનસ' માં ભગવાન રામ શબરીને નવધા ભક્તિનો ઉપદેશ આપતાં કહે છે- 'છઠ દમ શીલ બિરતિ બહુ કરમા નિરત નિરંતર સજ્જન ધરમા' સદાચરણ તત્પર વાનપ્રસ્થ ત્યાગપૂર્ણ, સંયમપૂર્ણ જીવન જીવે. ચાહે પત્ની સહિત હોય કે પત્ની રહિત. હવે ધીરે-ધીરે એણે જ્ઞાન તરફ આગળ વધવાનું છે. તત્ત્વ પ્રાપ્તિ માટે સદાચરણથી પોતાને યોગ્ય બનાવે. શાસ્ત્રોમાં વાનપ્રસ્થના ધર્મનું પણ વર્ણન છે સદાચરણ.

તત્પરઃ - બ્રહ્મચર્યાશ્રમમાં પોતાને તૈયાર કરે, જીવન માટે ધર્મનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે પછી ગૃહસ્થાશ્રમમાં ધર્મપૂર્વક અર્થ અને કામ સંપાદન કરે. વાનપ્રસ્થાશ્રમમાં ધીરે-ધીરે અર્થ અને કામથી વિરત બને અને મોક્ષ માટે સ્વયંને તૈયાર કરે પછી સન્યાસ. ગૃહસ્થાશ્રમમાં કર્મની પ્રધાનતા, વાનપ્રસ્થાશ્રમમાં ઉપાસનાની અને સંન્યાસમાં જ્ઞાનની. સંન્યાસી પણ મહાદેવની પાસે જઈ આ જ કહે- 'શંકરાત્ છમાયાચેત્ સદાચરણ તત્પરઃ' સંન્યાસી માટે પણ ચરણ-વિચરણ તત્પર 'સાધુ તો ચલતા ભલા' એક જગ્યાએ વધુ ન રોકાય. સદાચરણે- વિચારણે - ભ્રમણે તત્પરઃ - અનિકેત હોય એવો સંન્યાસી. ભ્રમણ કરે ભિક્ષા-૨ વાત હોય સંન્યાસીમાં. એણે અગ્નિને આત્મસાત કર્યો હોય. અગ્નિનો સ્પર્શ નહીં એટલા માટે આત્મસાત કર્યો હોય. સ્વયં રાંધે નહીં, બીજાએ બનાવેલી રસોઈ ભિક્ષા માંગી લે- સંન્યાસી. જે પણ મળે. એને કહેવાય માધુકરી. કોઈ ૧ પર બોજ પણ ન બને. થોડા ઘરોમાંથી થોડું-થોડું જે પણ મળે એ બધું ભેગું કરી સ્વાહેન્દ્રિય ને તૃપ્ત કરવા માટે નહીં પણ શરીરને ટકાવવા ગ્રહણ કરે. સાધુ સંગ્રહ પણ ન કરે. કે સાંજે કામ આવશે- અને પહેલેથી કહે પણ નહીં કે- 'ભિક્ષા લેવા કાલે આવશે. પૂરણપોળી બનાવીને તૈયાર રાખજો.' એમ નહીં. પક્વ ભોગ તૈયાર હોય એમ નહીં. સહજ પણે જાય અને જે ઘરેથી જે પણ મળે જેવું પણ મળે સ્વીકારે. દ્રષ્ટાંતઃ- એક કથા છે. એક સાધુ માધુકરી માંગીને લાવ્યા. રોજ ગંગાતટ પર બેસતા. ગંગાજળના છંટકાવ કરી ભગવાનને ભોગ લગાવે અને પછી પોતે પ્રસાદ ગ્રહણ કરે. આજે ખબર નહીં કેમ દિમાગ કંઈ બીજા જ વિચારમાં હશે તે ભોગ લગાવવાનું ભૂલી ગયા. 'તુમહિ નિવેદિત ભોજન કરહિંઃ.' સીધું જ ભિક્ષા ગ્રહણ કરવાનું શરૂ કર્યું. હજુ તો પહેલો જ કોળિયો મોઢામાં મૂક્યો. ૨ વાર ચાવ્યો અચાનક યાદ આવ્યું અરે! ભોગ જ ન લગાવ્યો! શું કરવું? હવે ન તો બહાર કઢાય ન તો ઉતારાય. કોળિયો ન નો ઉતારાય કે ન તો ગળાય. શું કરવું? રડી પડ્યા કે સાધુ પ્રભુ પાસે ક્ષમા માંગી. મારાથી ભૂલ થઈ ગઈ, આજે હું ભોગ લગાવવાનું જ ભૂલ્યો! આંખમાં આંસુ આવ્યા. એના એ પ્રેમને ભેઈને ભગવાન એટલાં તો પ્રસન્ન થયા કે આકાશવાણી થઈ - તું જ્યાં છે ત્યો જ ભોગ લગાવી દે. ઓફર કરી છે. આમપણ તું લોકોની જુઠન રોજ ખવડાવે જ છે.

આજે તારું કોઈ પણ ખાઈ લઈશ. શું ફઈ પડે છે! પ્રેમ- એનો ભાવ. તો ભિક્ષા અને ભ્રમણ - સદાચરણ તત્પરઃ - આટલી જ વાત છે પણ મહાપુરુષોએ અનેક રહસ્યો પ્રગટ કર્યા છે અનેક ભાવ ભર્યા છે. ચિંતા એ વાતની છે કે ભાવિ પેઢી ને કોમ્યો જબર છે કે આવો અદભુત ખજાનો તમારી પાસે છે! હા, પશ્ચિમની કલા, તેમની સારી વાતો, એમની વિધા જે લોક- કલ્યાણકારી છે તે જરૂર જણીએ, સમજીએ, વિવેકપૂર્વક, આપણી સમજદારીથી કે કલ્યાણકારી બનીએ. પણ આપણી અનમોલ વિરાસતને વિસ્મૃત કરવું અને સેના વિષયમાં અનભિજ્ઞ કે અજાણ રહેવું. એના જેવું દુર્ભાગ્ય દેશના યુવાનો માટે બીજું કોઈ નથી. જુઓ તો ખરા આ વાઙ્મય કેટલું સમૃદ્ધ છે! આ જીવન સંબંધિત વાત છે. તમે જીવનને સુખપૂર્વક, આનંદપૂર્વક જીવવા માંગતા હો તો રૂપિયાની પાછળ ઘેર ન લગાવો. એ વાતોને સાંભળો, સાંભળો. સંકીર્તન - 'ભોલેનાથએ નિરાલા યહાં કોઈ નહીં, ગૌરીનાથ સે નિરાલા યહાં કોઈ નહીં. ઉનકા ડમરૂ ડમ- ડમ બોલે, અગમ નિગમકે ભેદ યે ખોબે ઐસા ડમરૂં બજાનેવાલા કોઈ નહીં.'

[ગુરૂવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) ના સત્સંગ ને આધારે].

ચિંતા એ વાતની છે કે ભાવિ પેઢીને એ ક્યાં ખબર છે કે આવો અદભુત ખજાનો તમારી પાસે છે!

પંચામૃત
નીલાક્ષી પરીખ

